# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૪૮૦-૧ તારીખ : ૧૩ - ૦૪ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી ભાવસીંગભાઈ નાથુજી ચાવડા

વિનાયક વાટીકા શેરી નં. ૨, રિદ્ધી સિદ્ધી પાર્ક. જનતા ડેરી - ૧, રૈયા રોડ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૭

મોબાઈલ : ૯૮૯૮૫૦૮૮૮૫

વિષય : વીજબિલમાં અન્યાય થવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૩-૦૩-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૦/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રૈયા રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૦/ક્વા-૪/૨૨-૨૩/ 1480-1 તા. 13.04.2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૦/ક્વા-૪/૨૨-૨૩, તા.૦૩-૦૩-૨૦૨૩

અરજદાર : શ્રી ભાવસીંગભાઈ નાથુજી ચાવડા, મુ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારવતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી વિપુલભાઇ બી. ચાવડા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી બી.એમ. પટેલ કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી.એમ. ગોહેલ નાયબ અધીક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : પ્રથમ મુદત : તા.૧૩.૦૩.૨૦૨૩ (સોમવાર)

બીજી મુદત : તા. ૦૫.૦૪.૨૦૨૩ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૩.૨૦૨૩ (સોમવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર ગેરહાજર હતા જ્યારે પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી એન.આર. કંડોરિયા નાયબ ઈજનેર (ટેક), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી–રાજકોટ શહેર-૨ તેમજ શ્રી આર.એસ.જાડેજા નાયબ ઇજનેર રૈયારોડ પેટાવીભાગીય કચેરી, રાજકોટ અને તેમની સાથે શ્રી બી.એમ. ચૌહાણ, નાયબ અધીક્ષક રૈયારોડ પેટાવીભાગીય કચેરી, રાજકોટ હાજર રહેલ હતા. જેથી અરજદારને વધુ એક તક આપવા માટે સદર કેસની બીજી મુદત તા.૦૫.૦૪.૨૦૨૩ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. ૬૧૬૦૯/૦૧૨૭૮/૦ થી ૦૪ કિ.વો.નુ એન.આર.જી.પી. વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણનું મીટર બદલવા માટે તા.૨૮.૦૨.૨૦૨૨ ના રોજ સબંધક પેટાવીભાગીય કચેરીમાં અરજી કરેલ હતી. ત્યારબાદ પીજીવીસીએલ તરફથી રૂ.૫,૫૬,૫૧૨=૦૦ નુ પુરવણીબીલ અને તા.૦૧.૧૧.૨૦૨૨ ના રોજ કલમ ૧૩૫ હેઠળનું

રૂ.૩,૧૮,૦૧૪=૮૪ નું બીલ આપેલ એમ કુલ રૂ.૮,૭૪,૫૨૬=૮૪ જે અરજદારને અન્યાયી જણાયેલ છે. વીજકર્મચારી દ્વારા વારંવાર વીજકનેશન કાપી જવા અંગે જણાવી હેરાન કરે છે. વીજજોડાણ ડીસકનેક્ટ થવાના ડરને કારણે રૂ.૩,૨૪,૯૯૯=૦૦ ભરેલ છે, અગાઉ પણ પીજીવીસીએલને વાંધા અરજી આપેલ છે જેનો કોઈ નિકાલ આવેલ નથી. આમ રૂ.૮,૭૪,૫૨૬=૮૪ પરત મળે તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રજૂઆત મુજબ રૈયારોડ પેટા વિભાગીય કચેરીના ગ્રાહકશ્રી ભાવસીંગભાઈ નાથુજી ચાવડા નામનું ૪.૦ કી.વો. કરારીત વીજભાર વાળુ NRGP વીજજોડાણ ગ્રાહકનંબર ૬૧૬૦૯/૧૨૭૮/૦ થી ધરાવે છે.

તા.૦૩.૦૩.૨૦૨૨ ના રોજ સદર વીજજોડાણનું મીટર ગ્રાહકના પ્રતીનીધી શ્રી વિપુલભાઈ બી. ચાવડાની હાજરીમાં વધુ લેબ ખરાઈ અર્થે જે-તે સ્થિતિમાં પેપરપેક કરેલ અને ગ્રાહક અથવા તેમના પ્રતીનીધીશ્રી ને આપેલ ત્રણ તારીખો પૈકી એકપણ તારીખે લેબમાં હાજર ન રહેતા તા.૧૨.૦૪.૨૦૨૨ ના રોજ એકતરફી મીટરને લેબ ટેસ્ટ કરેલ અને એમ.આર.આઈ ડેટા ન આવતા સદર મીટરને વધુ ચકાસણી અર્થે મીટર મેનુંફેક્ચરીંગ કંપનીમાં મોકલેલ જેના રીપોર્ટ મુજબ મીટર ડીસ્પ્લેમાં કાળો ડાઘ છે. જે બાહ્ય પદાર્થ (EXTERNAL DEVICE) થી કરેલ છે, તેવું સ્પષ્ટપણે દર્શાવેલ જે અનુસંધાને ગ્રાહકને વીજળી અધિનિયમ-૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનું પુરવણી બીલ રૂ.૩૦૪૬૧૦=૮૪ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂ.૧૩૪૦૪=૦૦ એમ કુલ રૂ.૩૧૮૦૧૪=૮૪ નું બીલ અપાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

એમ.આર.આઈ રિપોર્ટનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે મીટરમાં જે યુનિટ પેન્ડીગ હતા તે મીટરની ખામીને કારણે આવેલ નથી પરંતુ જે રીડીંગ જોવા મળેલ છે તે વપરાશ મુજબના જ છે. જે અનુસંધાને ગ્રાહકશ્રીને પેન્ડીંગ યુનિટનું બીલ રૂ.૫૫૬૫૧૨.૦૦ કંપનીના નિયમને આધીન આપવામાં આવેલ છે, જે અન્વયે તા.૦૫-૧૨-૨૦૨૨ ના રોજ રૂ.૧૦૦૦૦૦=૦૦ તા-૧૯.૧૨.૨૦૨૨ ના રોજ રૂ.૧૦૦૦૦૦=૦૦ તથા તા.૧૬.૦૧.૨૦૨૩ ના રોજ રૂ.૧૦૦૦૦૦=૦૦ ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ કરાયેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી એ ૦૪ કિ.વો. નુ એન.આર.જી.પી. વીજજોડાણ મીટર બદલવા માટે તા.૨૮.૦૨.૨૦૨૨ ના રોજ સબંધક પેટાવીભાગીય કચેરીમાં અરજી કરેલ હતી. પીજીવીસીએલ દ્વારા રૂ.૫,૫૬,૫૧૨=૦૦ નું પેન્ડીંગ યુનિટનું બીલ અને તા.૦૧.૧૧.૨૦૨૨ ના રોજ વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમ નંબર ૧૩૫ હેઠળ નું રૂ.૩,૧૮,૦૧૪=૮૪ નું બીલ આપેલ એમ કુલ રૂ.૮,૭૪,૫૨૬=૮૪ જે અરજદારને અન્યાયી જણાય છે. અરજદાર દ્વારા રૂ.૩,૨૪,૯૯૯=૦૦ ભરી અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ હતી.

૪.૨ ઉપરોક્ત રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા કરાયેલ લેખિત રજૂઆત કરાયેલ ઉપરોક્ત મુદા નં. ૩.૦ મુજબ અરજદારને વીજળી અધિનિયમ-૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનું પુરવણી બીલ રૂ.૩૦૪૬૧૦=૮૪ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂ.૧૩૪૦૪=૦૦ એમ કુલ રૂ.૩૧૮૦૧૪=૮૪ નું બીલ અપાયેલ છે. એમ.આર.આઈ રિપોર્ટનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે મીટરમાં જે યુનિટ પેન્ડીગ હતા તે

મીટરની ખામીને કારણે આવેલ નથી પરંતુ જે રીડીંગ જોવા મળેલ છે તે વપરાશ મુજબના જ છે. જે અનુસંધાને ગ્રાહકશ્રીને પેન્ડીંગ યુનિટનું બીલ રૂ.૫૫૬૫૧૨.૦૦ કંપનીના નિયમને આધીન આપવામાં આવેલ છે, જે અન્વયે તા.૦૫.૧૨.૨૦૨૨ ના રોજ રૂ.૧૦૦૦૦૦=૦૦ તા.૧૯.૧૨.૨૦૨૨ ના રોજ રૂ.૧૦૦૦૦૦=૦૦ તથા તા.૧૬.૦૧.૨૦૨૩ ના રોજ રૂ.૧૦૦૦૦૦=૦૦ ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ કરાયેલ છે.

૪.3 અરજદાર ફરિયાદ અન્વયે પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ લેખિત રજૂઆત મુજબ સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમ નંબર ૧૩૫ મુજબ બીલ આપેલ હતું. જે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ વિનિયમો ૦૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૩૩ ની પેટા કલમ-૨ મુજબ કોઈ પણ કેસ વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમ નં. ૧૨૬, ૧૨૭, ૧૩૫ થી ૧૩૯, ૧૫૨ અને ૧૬૧ હેઠળ હોય તે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કે લોકપાલના કાર્યક્ષેત્રમાં આવતું ન હોય સદર અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |